## પોરબંદરમાં નગરપાલિકાની જનરલ બોર્ડની સામાન્ય સભા મળી : કુલ 44માંથી 17 સભ્યો ગેરહાજર

# 3 મિનીટમાં 6.81 કરોડના વિકાસનાં કામો મંજુર

## ટોઈલેટ-બ્લોક, બગીચો, પેવરબ્લોક, સ્મશાન રીપેરીંગ, બાલમંદિર રીપેરીંગ, મજુર કલ્યાણ કેન્દ્ર બનાવવામાં આવશે

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરમાં 3 મહિને મળેલી નગરપાલિકાની જનરલ બોર્ડની સામાન્ય સભામાં ત્રણ મીનીટની અંદર રૂ.6.81 કરોડના વિકાસ કામોને મંજુરી આપવામાં આવી હતી. આ વિકાસ કામોમાં ટોઈલેટ-બ્લોક, બગીચો, પેવરબ્લોક, સ્મશાન રીપેરીંગ, બાલમંદિર રીપેરીંગ, મજુર કલ્યાણ કેન્દ્ર બનાવવાનું આયોજન કરાયુ છે.

ગઈકાલે નગરપાલિકા કચેરીના સભાખંડમાં બપોરના 12 કલાકે મળેલી જનરલ બોર્ડની સામાન્ય સભા દરમ્યાન કુલ 44 સભ્યોમાંથી 27 સભ્યો હાજર રહ્યા જયારે 17 સભ્યો ગેરહાજર રહ્યા હતા. સભામાં માત્ર 3 મીનીટના ટૂંકાગાળામાં રૂ.6.81 કરોડના વિકાસ કામોને મંજુરી આપી દેવામાં આવી હતી. જેમાં પોરબંદરની ગ્લોબલ હોસ્પીટલ પાસે સાર્વજનીક પ્લોટમાં હનુમાનજીના મંદિરની બાજુમાં ફેલાતી ગંદકીને અટકાવવા સાર્વજનીક પ્લોટને બગીચામાં રૂપાંતરીત કરવાના કામને મંજુર કરાયુ હતુ, તેવી જ રીતે વોર્ડ નં-2 ના ખાપટ હોળીચકલા વિસ્તારમાં પેવરબ્લોકના કામને મંજુર કરાયુ હતુ તેમજ ખાપટના શીતલપાર્કમાં વાડી તરફના રસ્તામાં પેવરબ્લોકના કામ મંજુર કરવામાં આવ્યા હતા. જનરલ કેટેગરી તથા SC/ST ના વિસ્તારોમાં કામગીરી કરવા માટે ખર્ચ મંજુર કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. પોરબંદરના હિન્દુ સ્મશાન ગૃહમાં સિમેન્ટ ક્રોકિંટ તથા લોખંડના સળીયા સડી ગયા હોય જેને દૂર કરી, નવા સમારકામ માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. ખડપીઠ વિસ્તારમાં વેલનાથ મંદિરની બાજુમાં મજુર કલ્યાણ કેન્દ્ર માટેનો નિર્ણય કરાયો હતો. નવા કુંભારવાડા શેરી નં.-33 કોળી સમાજની બાજુમાં મજુર કલ્યાણ કેન્દ્ર બનાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મિસાલ પ્રોગ્રામ અંતર્ગત સ્લમ વિસ્તારોમાં ટોઈલેટ બ્લોક બનાવવા તેમજ રીનોવેશન કરીને, અધતન કરવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, પાલિકા પ્રમુખ અશોકભાઈ ભાદ્રેચાની અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં ચેતનાબેન તિવારીએ સભા સંચાલન કર્યુ હતુ અને કુલ 27 મુદાઓ પર 6.81 કરોડ રૂપિયાના વિકાસ કામોને મંજુરી આપી હતી.

### ગટરની ફરિયાદ નિકાલ માટે ઓફિસ રાખવા સુચન



પોરબંદર પાલિકા ખાતે જનરલ બોર્ડની સામાન્ય સભામાં ચેતનાબેન તિવારીએ સૂચન કર્યુ હતુ કે ભૂગર્ભ ગટરોના કામો શહેરમાં પૂર્ણ થઇ ગયા છે, જેથી ભૂગર્ભ ગટરની ફરીયાદોના નિકાલ માટે એક જુદી ઓફિસ કરવામાં આવે અને ત્યાં 2 કર્મચારીઓને મૂકવામાં આવે, આગામી જુન માસમાં L&T વિભાગ પાલિકાને કામગીરી સબમીટ કરી વિદાય લે તો ત્યાં સુધીમાં આ લોકો નકશો જઇ શકે અને તેની પાસેથી વધુ કામગીરી શીખી શકે.

### વિકાસ કામોની વિગત સામે ખર્ચ

| વિકાસ કામોની વિગત | ખર્ચ રૂ.માં |
|---|---|
| ખાપટ હોળીચકલામાં પેવરબ્લોકના કામો | 3,64,500 |
| ખાપટ પેવરબ્લોકના કામો | 4,63,200 |
| જનરલ કેટેગરી તથા SC/ST વિસ્તારોના કામો માટે | 6,62,13,767 |
| હિન્દુ સ્મશાન ભૂમીના સમાર કામો | 6,70,081 |
| ખડપીઠ વિસ્તારમાં મજુર કલ્યાણ કેન્દ્ર બનાવવાનુ કામ | 4,16,000 |
| નવાકુંભારવાડા શેરીનં.-33 માં મજુર કલ્યાણ કેન્દ્રનું કામ | 5,18,600 |

### ચાલુ વિકાસના કામોને વેગ અપાશે

પોરબંદરના ગ્લોબલ હોસ્પીટલ પાસે હનુમાનજીના મંદિર પાસે આવેલ સાર્વજનીક પ્લોટમાં બગીચો બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈજીનું સ્ટેચ્યૂ બનાવીને મૂકવા માટે સ્થળ તથા તેનો ખર્ચ મંજુર કરાશે.

---

## વર્તુ પુલ પર 6ટનથી વધુ વજન ધરાવતા વાહનો પર પ્રતિબંધ

## રાણાવાવમાંથી જુગાર રમતી બે મહિલા સહિત 7 ઝડપાયા

## સંભારણા • ગાંધીમૃત્યું દીને પોરબંદરમાં ગાંધીજીના બહેનની ઉપસ્થિતીમાં શોકસભા યોજાઇ હતી

# 31 જાન્યુઆરી,1948ના પોરબંદર રાજ્યમાં